મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપના વિજયની જામનગરમાં ઉજવણી

જામનગર : મહારાષ્ટ્રમાં બૃહદમુંબઈ મહાનગર પાલિકા (બી.એમ.સી.) ની ચૂંટણી યોજાઈ હતી, જેમાં મહારાષ્ટ્રમાં ૧૫ જાન્યુઆરીના રોજ બી.એમ.સી. સહિત કુલ ૨૯ મહાનગરપાલિકાઓ માટે મતદાન યોજાયું હતું. જેની ગઈકાલ તા.૧૬ ના રોજ મતગણતરી કરવામાં આવી હતી. મહારાષ્ટ્રની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટી સાથેના ગઠબંધનના થયેલા ભવ્ય વિજયને વધાવવા માટે શહેર ભાજપા જામનગર દ્વારા શહેર ભાજપ કાર્યાલય ખાતે ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં ભારતીય જનતા પાર્ટી શહેર ભાજપ અધ્યક્ષ બીનાબેન કોઠારી, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, મહામંત્રી વિજયસિંહ જેઠવા, મેયર વિનોદ ખીમસુરિયા, ડે. મેયર ક્રિષ્નાબેન સોઢા, શાસકપક્ષ નેતા આશિષ જોશી, સ્ટે. કમિટી ચેરમેન્ટ નિલેશ કગથરા, દંડક કેતન નાખવા, શિક્ષણ સમિતિ ચેરમેન પરષોત્તમભાઈ કકનાણી, પૂર્વ ધારાસભ્યો, પૂર્વ પ્રમુખો, પૂર્વ મેયરો, કોર્પોરેટરો, વોર્ડ સમિતિના સભ્યો, વોર્ડ પ્રભારીઓ, સેલ મોરચાના અધ્યક્ષ સહીત કાર્યકર્તાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમ ભાજપ મીડિયા વિભાગના કન્વીનર ભાર્ગવ ઠાકરની યાદીમાં જણાવાયું છે.

જામનગરના શ્રાવણી મેળામાં સ્ટોલવાળા પાસેથી લાંચ લેનાર જામ્યુકોના બે પૂર્વ અધિકારીને જેલની સજા

જામનગર : જામનગર મહાનગર પાલિકાના નિવૃત બે અધિકારી સામે લાંચ અંગે ગુનો નોંધાયો હતો. જે અંગેનો કેસ ચાલી જતા અદાલતે બંને અધિકારીઓને એક - એક વર્ષની જેલ સજાનો હુકમ કર્યો હતો.

જામનગરના પ્રદર્શન ગ્રાઉન્ડમાં ૨૦૧૩ ની સાલમાં એક આસામી દ્વારા રમકડાનો સ્ટોલ રાખવામા આવ્યો હતો. જેમાં સ્ટોલનો કેટલોક સામાન બહાર પડયો હોય જે પેટે તે વખતના જામ્યુકોના અધિકારી

સુનિલ ભાનુશાળીએ રૂ.૨૫ હજારની લાંચની માંગણી કરી હતી. આથી સ્ટોલ ધારક દ્વારા એસીબીમાં ફરીયાદ કરવામાં આવતા છટકું ગોઠવવામાં આવ્યું હતું. જેમાં લાંચની રકમ સુનિલ ભાનુશાળીના કહેવાથી મહાનગરપાલિકાના જે તે સમયના અન્ય અધિકારી રાજેન્દ્રસિંહ (રાજભા) ચાવડાએ સ્વીકારી હતી, ત્યારે તેને ઝડપી લેવામાં આવ્યા હતા અને લાંચ રૂશ્વત વિરોધી શાખા અધિકારી દ્વારા બંને અધિકારીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો.હતો.

આ અંગેનો કેસ જામનગરના મુખ્ય સેશન્સ ન્યાયધીશ એન. આર. જોશીની કોર્ટમાં ચાલી જતા ટ્રેપીંગ અધિકારી ઝાલાએ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા તથા સરકારી પંચની જુબાની, સરકારી વકીલ ડી.આર. ત્રિવેદીની દલીલો ગ્રાહય રાખી બંને અધિકારી સુનિલ ભાનુશાળી અને રાજભા ચાવડાને એક એક વર્ષની સજા અને ૫ હજારનો દંડ, અને દંડની રકમ ભરપાઈ કરવામાં ન આવે તો વધુ બે માસની સાદી કેદની સજાનો હુકમ કરવામા આવ્યો હતો. આ કેસમાં સરકાર તરફે એડવોકેટ ડી. આર. ત્રિવેદી રોકાયા હતા.

ધ્રોલ નજીક જાયવા પાસે ટેન્કર અને કાર વચ્ચેના અકસ્માતમાં યુવાનનું સ્થળ પર નિપજ્યુ મોત

જામનગર : જામનગર-રાજકોટ ધોરી માર્ગ પર ધ્રોલ નજીક જાયવા ગામના પાટીયા પાસે એક ગોજારો અકસ્માત સર્જાયો હતો. આગળ જઈ રહેલા ટેન્કરની પાછળ કાર ઘુસી જતાં કારના ચાલક ધ્રોલના વેપારી યુવાનનું ગંભીર ઈજા થવાથી કરુણ મૃત્યુ નિપજયું છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગર જિલ્લાના ધ્રોલમાં રહેતો અરબાઝ મુસ્તાકભાઈ તાયાણી નામનો ૨૬ વર્ષનો વેપારી યુવાન કે જે ધ્રોલમાં શાકભાજીનો વેપાર કરે છે અને પોતાના પરિવારના કામ સર પોતાની જી.જે. ૧૦ડી.ઈ. ૪૨૮૪ નંબરની કાર લઈને રાજકોટ ગયો હતો, અને ત્યાંથી પોતે પરત ફરી રહ્યો હતો. જે દરમિયાન ગઈકાલ સાંજે પાંચેક વાગ્યે જાયવા ગામના પાટીયા પાસે આગળ જઈ રહેલા જી.જે. -૩ બી.ડબ્લ્યુ. ૧૫૧૬ નંબરના ટેન્કર સાથે ટક્કર થઈ જતાં ગોઝારો અકસ્માત સર્જાયો હતો. ટેન્કર કાર સાથે અથડાઈને રોડથી નીચે ઉતરી ગયું હતું, જ્યારે કારનો માર્ગ ઉપર જ બુકડો બોલી ગયો હતો.

જે અકસ્માતમાં કાર ચાલક અરબાઝ તાયાણીનું ગંભીર ઈજા થવાના કારણે મૃત્યુ નીપજયું છે. સૌ પ્રથમ રસ્તા પર એકત્ર થઈ ગયેલા લોકોએ કાર ચાલકને બહાર કાઢીને ધ્રોલની સરકારી હોસ્પિટલમાં પહોંચાડ્યો હતો, પરંતુ ત્યાં તેનો મૃતદેહ જ પહોંચ્યો હતો.

આ અકસ્માતના બનાવની જાણ થતાં ધ્રોલના પોલીસ હેડ કોન્સ્ટેબલ ડી.પી. વઘોરા સૌપ્રથમ બનાવના સ્થળે, અને ત્યારબાદ સરકારી હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે.

કાલાવડના ખરેડી ગામે યુવાન ઘેર પટકાઈ પડતા હેમરેજ થવાથી મૃત્યુ

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ખરેડી ગામે રહેતો એક યુવાન પટકાઈ પડતા તેમનું મૃત્યુ નિપજયાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ કાલાવડ તાલુકાના ખરેડી ગામમાં રહેતા અને ખેત મજૂરી કામ કરતા રહીમભાઈ જુમાભાઈ દલ નામના ૪૫ વર્ષના સંધિ જ્ઞાતિના ખેડૂત યુવાન કે જેઓ ગઈકાલે પોતાના ઘેર રૂમમાં એકલા હતા, અને એકાએક પોતાના ઘેર જમીન પર પટકાઈ પડ્યા હતા. જેથી તેઓને માથાના ભાગે ઈજા થઈ હતી. જેથી હેમરેજ થઈ જવાના કારણે તેઓનું મૃત્યુ નીપજયું હતું.

આ બનાવ અંગે મૃતકના પિતા જુમાભાઈ ઓસમાણભાઈએ પોલીસને જાણ કરતાં કાલાવડ ગ્રામ્ય પોલીસે બનાવના સ્થળે દોડી જઈ મૃતદેહનો કબજો સંભાળ્યો છે, અને આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

મકરસંક્રાંતિ પર્વે હાલારમાં ૩૬૦ ફીડરોમાં વિજ વિક્ષેપ

બન્ને જિલ્લામાં ૯૨ ટીમ દ્વારા તમામ સ્થળોએ ત્વરિત મરામતની કામગીરી કરી માત્ર છ કલાકમાં વિજ પુરવઠો પૂર્વવત બન્યો

જામનગર : હાલારના બંને જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મકરસંક્રાંતિના દિવસે પતંગ-દોરાના કારણે ૧,૩૦૦ ફીડર માંથી ૩૬૦ ફીડરો પ્રભાવિત થયા હતા, અને વીજ વિક્ષેપ સર્જાયો હતો. જેની સામે વિજતંત્ર દ્વારા બંને જિલ્લામાં ચાર ચાર કર્મચારીઓ સાથેની કુલ ૯૨ ટીમોને તૈયાર રાખવામાં આવી હતી, અને બન્ને જિલ્લામાં માત્ર છ કલાકના સમયગાળામાં જ તમામ ફોલ્ટ દૂર કરી લેવાયા હતા, અને વિજ પુરવઠો પૂર્વવત બન્યો હતો. સદભાગ્ય કોઈ મોટા અકસ્માત, નુકસાની કે જાનહાનીના અહેવાલો મળ્યા નથી.

જામનગર શહેરમાં મકરસંક્રાતિની અગાઉ વીજતંત્ર દ્વારા લોકોને ખાસ કરીને પતંગ શોખીનોને એવો અનુરોધ કરવામાં આવ્યો હતો કે, પતંગ ચગાવતી વખતે પતંગની દોર વીજવાયરોમાં ફસાઈ ન જાય તેનું ધ્યાન રાખવું અને વીજ અકસ્માત ન સર્જાય તેની કાળજી લેવી. દરમ્યાન, જામનગર શહેર કે જિલ્લામાં કયાંય પતંગને કારણે વીજ અકસ્માત સર્જાયો નથી, કોઈ જાનહાનિ થઈ નથી. એ સારી બાબત છે. તેમ છતાં હાલારના બન્ને જિલ્લાઓમાં અનેક સ્થળો પર પતંગની દોર જિવંત વીજ વાયરોમાં ફસાઈ જતાં અને શોર્ટ સર્કિટ થતાં તથા અમુક જગ્યાએ ટ્રાન્સફોર્મરમાં પણ ફોલ્ટ સર્જાતા વીજ વિક્ષેપ થયો હતો.

હાલારના બંને જિલ્લાઓમાં કુલ ૧,૩૦૦ જેટલા વીજ ફીડરો આવેલા છે, જે પૈકી ૩૬૦ માં વિજ ફોલ્ટ સર્જાયો હતો. બંને જિલ્લા માટે કુલ ૯૨ ટીમ કાર્યક્રમ બનાવી હતી, અને દોડતી કરાવાઈ હતી. ક્યાંક વાયરમાં પતંગો, દોર વગેરે ફસાઈ જવાના કારણે ફોલ્ટ સર્જાયો હતો. કુલ છ કલાકના સમયગાળા દરમિયાન તમામ ફોલ્ટ દૂર કરી લેવાયા હતા, અને મોટાભાગે વીજ પુરવઠો પૂર્વવત બની ગયો હતો. જોકે ક્યાંય જાનહાની કે નુકસાનીના અહેવાલો મળ્યા નથી.

ગત ૧૪મી જાન્યુઆરીએ સમગ્ર સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓમાં પતંગને કારણે ૧,૩૨૬ ફોલ્ટ સર્જાયા. જે પૈકી સૌથી વધુ ૪૬૧ ફરિયાદો રાજકોટમાં નોંધાઈ. અને વીજપૂરવઠાની સૌથી ઓછી ૭ ફરિયાદ પોરબંદરમાં થઈ છે. જામનગર ૨૩૦ ફરિયાદ સાથે સમગ્ર સૌરાષ્ટ્રમાં બીજા ક્રમ પર રહ્યું હતું.

જામનગરમાં એક્ટિવા અને બાઈકના અકસ્માતમાં બે મહિલા કર્મચારી ઘાયલ

જામનગર : જામનગરમાં સેન્ટ આન્સ સ્કૂલ પાસે એક્ટિવાને બાઈક ચાલકે ઠોકર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં એક્ટિવા પર સવાર બંને યુવતીને ઈજાઓ થતા હોસ્પિટલ ખસેડાઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગરમાં બેડેશ્વર વિસ્તારમાં આવેલી એન.સી.સી. ઓફિસમાં ફરજ બજાવતી હિરલ બેન દિપેશભાઈ દાઉદીયા (૨૨) તેમજ રીનાબેન ચૌહાણ ગઈકાલે પોતાના એકટીવા સ્કૂટરમાં બેસીને નોકરી પર જવા માટે નીકળ્યા હતા, જે દરમિયાન સેન્ટઆન્સ સ્કૂલ પાસે પૂરપાટ ઝડપે આવી રહેલા જી.જે. ૧૦ બી.ક્યુ. ૯૯૧૩ નંબરના બાઈક ચાલકે એકટીવા સ્કૂટરને ઠોકર મારતાં અકસ્માત સર્જાયો હતો.

જે અકસ્માતમાં બંને મહિલા કર્મચારીઓ ઈજાગ્રસ્ત બની હતી, અને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી, જેમાં હિરલબેનને પગમાં પ્લાસ્ટર આવ્યું છે. આ અકસ્માતના બનાવ અંગે હિરલબેનના પિતા દિપેશભાઈ મગનભાઈએ બાઈક ચાલક સામે ફરિયાદ નોંધાવતાં સીટી બી. ડિવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

અલિયાબાડા ગામે કોપર કેબલની ચોરી કરનાર તસ્કર બેલડી ઝડપાઈ

જામનગર : જામનગર તાલુકાના અલિયાબાડા ગામમાંથી બીએસએનએલના કોપર કેબલની ચોરી કરનાર બે આરોપીઓને પોલીસે ઝડપી લીધા છે.

બી.એસ.એન.એલ. કંપની દ્વારા અલિયાબાડા રોડ પર ખાડો ખોદીને તેમાંથી ૪૦૦ પેરના આશરે ૮ મીટર કોપર કેબલ રાખવામાં આવ્યો હતો, ત્યાંથી કોઈ તસ્કરો રૂપિયા ૩૫ હજારની કિંમતના કેબલની ચોરી ગયા હોવાની બીએસએનએલના કર્મચારી સંજય મહાદેવભાઈ એ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી,

આથી પીઆઈ એમ એન શેખ અને તેની ટીમે તપાસ હાથ ધરી હતી. અને અલિયા ગામના મયુર ભાણાભાઈ વિરડા (૨૬) અને જગદીશ ઉર્ફે જગો જેલાભાઈ રાઠોડ (૨૬)ને ઝડપી લીધા હતા, અને તેમની પાસેથી રૂપિયા ૩૫ હજારની કિંમતનો ચોરી કરેલ કેબલનો જથ્થો કબજે કર્યો છે.

જામનગરમાં મકાનમાંથી બિયરના ૧૧૦ ટીન મળી આવ્યા, આરોપી ફરાર

જામનગર : જામનગરના હવાઈ ચોક વિસ્તારમાં આવેલ ભાનુસાળી વાસમાં રહેતા એક ઈસમના ઘરમાં બિયરનો જથ્થો હોવાની બાતમીના આધારે એલસીબી પોલીસે દરોડો પડ્યો હતો. જ્યાં સ્થળ પરથી ૧૧૦ નંગ બિયરના મળી આવ્યો હતો. જ્યારે આરોપીને ફરાર જાહેર કર્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગરમાં હવાઈ ચોક નજીક ભાનુશાળી વાસ શેરી નંબર એકમાં રહેતા ભૂમિત હરજીવનભાઈ ગંઢા નામના શખ્સ દ્વારા પોતાના રહેણાક મકાનમાં ઈંગલિશ દારૂ- બિયરનો જથ્થો ઉતારવામાં આવ્યો છે, તેવી ચોક્કસ બાતમીના આધારે ગઈકાલે મોડી રાત્રે એલસીબી ની ટુકડીએ દરોડો પાડ્યો હતો. જે દરોડા દરમિયાન રહેણાક મકાનમાંથી ૧૧૦ નંગ બિયરના ટીન મળી આવ્યા હતા. આથી એલસીબીની ટુકડીએ રૂપિયા ૨૨,૦૦૦ની કિંમત ના બિયરના ટીનનો જથ્થો કબજે કરી લીધો છે, જ્યારે આરોપી ભૂમિત પોલીસના દરોડા સમયે ભાગી છૂટ્યો હોવાથી તેને ફરારી જાહેર કર્યો છે અને પોલીસ દ્વારા શોધ ખોળ હાથ કરવામાં આવી રહી છે.

કલ્યાણપુરના ખીજદડ ગામે દેશી તમંચા સાથે શખ્સ ઝડપાયો

ખંભાળિયા : કલ્યાણપુર તાલુકાના ખીજદડ ગામે જતા કાચા રસ્તે આવેલ વાડીમાંથી બાતમીના આધારે એસ. ઓ. જી. પોલીસે દરોડો પાડી દેશી હાથ બનાવટના તમંચા સાથે એક શખ્સને ઝડપી લઈ તેના વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી પ્રમાણે કલ્યાણપુર તાલુકાના હરીપર ગામની સીમમાં ખીજદડ ગામે જતા કાચા રસ્તે, મચ્છુ માતાજીના મંદિરની સામે આવેલ હરીપર ગામના દિવ્યરાજસિંહ જીલુભા જાડેજા નામના શખ્સની વાડીમાં એસ. ઓ. જી. પોલીસે દરોડો પાડી અહી બાવળની જાળીમાં છુપાવેલ દેશી હાથ બનાવટનો તમંચો મળી આવતા તેની ધરપકડ કરી હતી અને આર્મ્સ એક્ટ હેઠળ કલ્યાણપુર પોલીસમાં ગુન્હો નોંધાવી આ શખ્સને સોંપી દેવામાં આવ્યો હતો.

સહેલાણીઓની આતુરતાનો અંત, દ્વારકાના સુદામા સેતુ નવનિર્માણ કામગીરીનો પ્રારંભ

દ્વારકા : યાત્રાધામ દ્વારકામાં ગોમતી નદીના બંને કાંઠાને જોડતા સુદામા સેતુ નવનિર્માણની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ અંગે ખાનગી એજન્સીને વર્ક ઓર્ડર અપાયા બાદ તાજેતરમાં શરૂ થયેલ નવનિર્માણ કામગીરી અંદાજિત ૧૪.૧ કરોડ રૂપિયાના ખર્ચે એક વર્ષના સમયગાળામાં પૂર્ણ કરવામાં આવનાર છે. ઓકટોબર-૨૦૨૨ માં મોરબી પૂલ દુર્ઘટના બાદ રાજ્યભરના કેબલ બેઈઝડ પૂલોની સાથોસાથ દ્વારકાના ગોમતી ઘાટ અને પંચનદ તીર્થને જોડતા શહેરના પ્રમુખ આકર્ષણ સમા સુધમા સેતુ પર પણ યાત્રીકોની અવરજવર નિષેધ કરાયા બાદ અને મરમ્મત કામગીરીમાં લાંબો સમયના વિલંબ બાદ આશરે સાડા ત્રણ વર્ષે ખાનગી એજન્સી દ્વારા સુદામા સેતુને પુનઃ મજબૂતીકરણની કામગીરીની શરૂઆત કરાઈ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર કે.એન. પટેલના જણાવ્યાનુસાર ખાનગી એજન્સી દ્વારા અંદાજે એક વર્ષના સમયમાં પૂર્ણ કરવામાં આવનાર છે. યાત્રીકોને સુદામા સેતુ વીઝીટનો લુત્ફ ઉઠાવવા હજુ અંદાજિત એકાદ વર્ષ સુધી રાહ જોવી પડશે.

કલ્યાણપુરના ગઢકા ગામની સીમમાં જુગાર રમતા ચાર ઝડપાયા, ત્રણ ફરાર

ખંભાળિયા : કલ્યાણપુર તાલુકાના ગઢકા ગામની સીમમાં એલસીબી પોલીસે દરોડો પાડી જુગારની મોજ માણતા ૪ શખ્સને ઝડપી પાડ્યા હતા અને સ્થળપરથી રોકડ રકમ ઉપરાંત વાહનો સહિત રૂપિયા ૧.૨૩ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે લઈ જ્યારે દરોડા દરમિયાન ત્રણ શખ્સ નાસી જતા ઝડપી લેવા તલાસી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ કલ્યાણપુર પંથકના ગઢકા ગામે સીમ વિસ્તારમાં જાહેરમાં કેટલાક શખ્સ જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે એલસીબી પોલીસે દરોડો પાડી અહીં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા ભરતભાઈ જગાભાઈ ગોજીયા, હરદાસભાઈ કાનાભાઈ ગોજીયા, હેમરાજભાઈ ભીખાભાઈ ડાભી અને અરજણભાઈ રાજશીભાઈ સુવા નામના ચાર શખ્સને ઝડપી લઈ સ્થળપરથી રૂપિયા ૩૩,૬૦૦ ની રોકડ રકમ તથા રૂપિયા ૮૦ હજારની કિંમતના ત્રણ નંગ મોટરસાયકલ અને રૂપિયા ૧૦ હજારની કિંમતના બે નંગ મોબાઈલ ફોન સહિત કુલમળી રૂપિયા ૧,૨૩,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે જગદીશ ઉર્ફે કનીયો , ગોવાભાઈ કારાભાઈ કરંગિયા અને જગદીશ સાથેનો અન્ય એક શખ્સ નાસી જતા ત્રણેયની શોધખોળ હાથ ધરી છે.